# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/074 Dt. 28/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI અને ધી પુરુષોત્તમ ફાર્મર્સ જિનીંગ એન્ડ પેસીંગ સો. લિ.ના સંયુકત ઉપક્રમે માલ્ટા, નેપાળ, ઇન્ડોનેશિયા અને બેલારૂસના ડિપ્લોમેટ્સ સાથે સુરતના ઉદ્યોગ સાહસિકોનો વાર્તાલાપ યોજાયો

## ચારેય દેશોના ડિપ્લોમેટ્સ દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકોને તેમજ સહકારી મંડળીઓના સભ્યોને વિદેશમાં થતી ખેતીમાં ડાંગર, શેરડી અને કપાસના પાકો વિશે વિસ્તૃત માહિતી આપી એક્ષ્પોર્ટની નીતિઓ વિશે માહિતગાર કરાયા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા ધી પુરુષોત્તમ ફાર્મર્સ જિનીગ એન્ડ પેસીગ સો. લિ.ના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે માલ્ટા, નેપાળ, ઇન્ડોનેશિયા અને બેલારૂસના ડિપ્લોમેટ્સ સાથે સુરતના ઉદ્યોગ સાહસિકોનો વાર્તાલાપ યોજાયો હતો.

આ વાર્તાલાપમાં માલ્ટાના હાઇ કમિશ્નર હીઝ એકસીલન્સી મિ. રૂબેન ગૌસી, બેલારૂસના ફર્સ્ટ સેક્રેટરી મિ. અલિઝાન્ડર ઝાઇકો, ઇન્ડોનેશિયાના ટ્રેડ એટેચી મિ. મોહંમદ ઇકબાલ જમીલ અને નેપાળના મિનિસ્ટર ઇકોનોમિક શ્રી તારા નાથ અધિકારીએ સુરતના ઉદ્યોગ સાહસિકો સાથે વન ટુ વન મિટીગ કરીને વિવિધ પ્રોડકટ અંગે એક્ષ્પોર્ટની શકયતાઓ વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. વિદેશી ડિપ્લોમેટ્સ દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકોને વિદેશમાં થતી ખેતીમાં ડાંગર, શેરડી અને કપાસના પાકો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને તેઓને એક્ષ્પોર્ટની નીતિઓ વિશે માહિતગાર કરાયા હતા.

ધી પુરુષોત્તમ ફાર્મર્સ જિનીગ એન્ડ પેસીગ સો. લિ.ના પ્રમુખ શ્રી મનહરભાઇ પટેલે આ કાર્યક્રમમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગૃપ ચેરમેન સીએ મિતિષ મોદીએ વિદેશી ડિપ્લોમેટ્સ સાથેનો વાતચીતનો દોર સંભાળ્યો હતો. સુમુલ ડેરીના ડિરેકટર શ્રી જયેશ પટેલ, સાયણ સુગરના ચેરમેન શ્રી રાકેશ પટેલ તથા અન્ય સહકારી મંડળીઓના હોદ્દેદારો અને સભ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ધી પુરુષોત્તમ ફાર્મર્સ જિનીગ એન્ડ પેસીગ સો. લિ.ના ઉપ પ્રમુખ શ્રી અંકુર પટેલે સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.